| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| રજી.તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| નિકાલ તારીખ | ૦૩/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| કુલ | ૦૦ ૦૩ ૧૦ |

**આંક :- 11**

---

**ભુજના મ્હે. બીજા અધિક જયુડીશીયલ ચીફ મેજી. સાહેબની અદાલતમાં, ભુજ-કચ્છ.**

---

**ફો.કા.નં. ૧૬૮૪/૨૦૨૬**

**(નમુનો-અ)**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **ઉપર મુજબ** |
| ફોજદારી કેસ નંબર | **૧૬૮૪/૨૦૨૬** |
| પોલીસ સ્ટેશન/એફ.આઇ.આર | **પધ્ધર પો.સ્ટે.ગુ.ર.નં.૮૦૮/૨૦૨૫** |
| ગુન્હો | **બી.એન.એસ. કલમ ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪** |

| | |
|---|---|
| ફરિયાદી | ડી.જે.વાઘેલા, પધ્ધર પો.સ્ટે. ભુજ-કચ્છ |
| **વિ.એ.પી.પી.શ્રી** | **શ્રી ઠાકોર** |
| આરોપી | **૧. મોસીમ અબ્દુલ્લા કુંભાર,**<br>ઉ.વ. પુખ્ત, ધંધો: મજુરી,<br>રહે:ભીડગેટ, ભુજ-કચ્છ. |
| **આરોપીના વિ.વ.શ્રી** | **કે.પી.ગઢવી** |

**(નમુનો-બ)**

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૨૫/૧૨/૨૦૨૫ |
| ફરિયાદની તારીખ | તા.૨૫/૧૨/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | તા.૧૨/૦૨/૨૦૨૬ |

| | |
|---|---|
| ચાર્જફ્રેમની તારીખ | તા.૦૨/૦૬/૨૦૨૬ |
| પુરાવો શરુ થયાની તારીખ | તા.૦૨/૦૬/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | -- |
| ચુકાદાની તારીખ | ઉપર મુજબ |
| સજાનો હુકમ સાંભળ્યા તારીખ જો હોય તો | -- |

આરોપીની વિગત

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનાની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગતો | ટ્રાયલ દરમ્યાન કાતા કામે ભોગવેલ સજાનો સમયગાળો (બી.એન.એસ.એસ. કલમ ૪૬૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મોસીમ અબ્દુલ્લા કુંભાર, | ૨૯/૧૨/૨૫ | ૨૯/૧૨/૨૫ | બી.એન.એસ. કલમ ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ | નિર્દોષ | -- | -- |

**<u>નમુનો-ક</u>**

ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લિસ્ટ

(એ) ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :-

| **ક્રમ** | **આંક** | **સાહેદ નંબર** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|---|---|
| ૧ | ૦૫ | ૦૧ | ધર્મેન્દ્રસિંહ જુવાનસિંહ વાઘેલા | ફરિયાદી |
| ૨ | ૦૮ | ૦૨ | આમદ અબ્દુલ્લા કકલ | પંચ સાહેદ |
| ૩ | ૧૦ | ૦૩ | ગુલામ અબ્દુલ્લા પારા | પંચ સાહેદ |
| ૪ | ૦૭ | ૦૫ | વિરેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા | ત.ક.અ |

(બી) બચાવ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ:-

| ક્રમ | આંક | સાહેદ નંબર | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|---|
| -- | -- | -- | -- | -- |

(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ:-

| ક્રમ | આંક | સાહેદ નંબર | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| -- | -- | -- | -- | -- |

ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત

(એ) ફરિયાદ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:-

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧ | ૦૬ | ફરિયાદ |
| ૨ | ૦૯ | સ્થાનિક જગ્યાનું પંચનામું |

(બી) બચાવ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :-

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| -- | -- | -- |

(સી) કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :-

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| -- | -- | -- |

## ચુ કા દો

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૫/૧૨/૨૫ ના કલાક-૧૫.૦૦ વાગે ભુજ મધ્યે જાહેર રોડ ઉપર પોતાના કબજાનું વાહન નં.જીજે.૦૬.એ.ટી.૯૨૫૭ વાળી ગાડીમાં લોખંડના સળીયા તથજા એંગલો ગાડીના આગળના ભાગે આશરે ચાર કુટ તથા પાછળના ભાગે ચાર કુટ જેટલા બહાર લટકતી હાલતમાં ભરી અન્ય વાહનો તેમજ માણસોની જીંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને બેદરકારીથી હંકારી પકડાઈજઈ, ગુનો કરી બી.એન.એસ. કલમ ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ- ૧૭૭, ૧૮૪ મુજબનો સજા ને પાત્ર ગુનાની કાર્યવાહી માટે હાલની ફરીયાદ આપેલ છે.

(૨) સદરહુ ફરીયાદ મળતા તપાસ કરતા અમલદારે આરોપીની

અટક કરી તેમને કોર્ટ રૂબરૂ રજુ કરેલ. કોર્ટે સદરહું આરોપીને જામીન મુકત કરેલ અને ત્યારથી આજ દીન સુધી આરોપી જામીન મુકત છે.

(૩) સદરહુ ગુનાની તપાસ દરમ્યાન ત. ક. અમલદારે ગુનાની તપાસ પુર્ણ કરેલ છે. તેમણે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ છે. તેમજ તમામ પુરાવાને સાથે ધ્યાનમાં લેતા આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો તેમની પાસે ઉપલબ્ધ થતા હાલના આરોપી વિરૂધ્ધ બી.એન.એસ. કલમ ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ હેઠળ સજાને પાત્ર ગુનાનુ ચાર્જશીટ આ કામમાં રજુ કરેલ છે.

(૪) અત્રેની કોર્ટ ધ્વારા ગુનાનુ કોગ્નીઝન્સ લઈ સદર કામે આરોપીને ધોરણસરનો સમન્સ કરતા તે સમન્સની બજવણી થઈ જતાં આરોપી હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો બી.એન.એસ.એસ. કલમ ૨૩૦ અન્વયે પુરી પાડયા બાદ આરોપીની પ્લીમાં ગુનો કબુલ ન હોવાનુ જણાવેલ છે. તેમજ આરોપીએ તેની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં ફરીયાદી પક્ષના કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કામે આરોપી વિરુધ્ધ ફરીયાદપક્ષે જે પુરાવાઓ રજૂ રાખવામાં આવેલ છે તે ધ્યાને લેતાં ફરીયાદી પક્ષના પુરાવાના અંતે આ કામના આરોપીનું બી એન એસ એસ કલમ ૩૫૧ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં આરોપીએ જણાવેલ છે કે ખોટુ ચાર્જશીટ કરવામાં આવેલ છે અને તેઓ નિર્દોષ છે.ત્યારબાદ બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદરહુ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ

નીચે મુજબના મુદા ઉપસ્થીત થાય છે.

**-:: મુ દા ::-**

૧ શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૫/૧૨/૨૫ ના કલાક-૧૫.૦૦ વાગે ભુજ મધ્યે જાહેર રોડ ઉપર પોતાના કબજાનું વાહન નં.જીજે.૦૬.એ.ટી.૯૨૫૭ વાળી ગાડીમાં લોખંડના સળીયા તથજા એંગલો ગાડીના આગળના ભાગે આશરે ચાર ફુટ તથા પાછળના ભાગે ચાર ફુટ જેટલા બહાર લટકતી હાલતમાં ભરી અન્ય વાહનો તેમજ માણસોની જીંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને બેદરકારીથી હંકારી પકડાઈજઈ, બી.એન.એસ. કલમ ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨ શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**નિર્ણય માટેના કારણો**

**મુદા નં.૧:-**

(૮) ફરિયાદ પક્ષે ફરિયાદી ધર્મેન્દ્રસિંહ જુવાનસિંહ વાઘેલાની આંક-૦૫ ની જુબાનીમાં તેઓએ જણાવેલ છેકે, તા.૨૫/૧૨/૨૫ ના રોજ તેઓ તથા પોલીસ સ્ટાફના સભ્યો વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન એક ગાડી ચાલક પોતાની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતો હોય તે ગાડીના ચાલકને હાથ વડે ઈશારો કરી ઉભો રાખતા ચાલકને નીચે ઉતારી પોતાની ગાડીમાં અન્ય વાહનોની તથા માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવતા હોય તેને ઉભો રાખી પંચો રુબરુ તેનું નામ ઠામ પુછતા તેણે પોતાનું નામ મોસીમ અબ્દુલ્લા કુંભાર હોવાનુ જણાવેલ અને તેના વાહન નં.જીજે.૧૨.એ.ટી.૯૨૫૭ વાળી બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવવા અંગે પુછતા કોઈ સંતોષકારક જવાબ ન આપતા તેઓ વિરુધ્ધ ધોરણસરની ફરિયાદ દાખલ કરેલ. આ કામે આંક-૦૬ થી ફરિયાદ રજુ રાખેલ છે.

બચાવ પક્ષની ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર

કરેલછે કે, બનાવ સ્થળ જાહેર રસ્તો છે અને ત્યાં વાહનોની સતત અવર જવર રહે છે.

(૯) ત્યાર બાદ આ કામે ફરીયાદપક્ષે આ કામનાં પંચ સાહેદ આમદ અબ્દુલ્લા કકલએ આંક–૦૮ તથા સાહેદ ગુલામ અબ્દુલ્લા પારાને આંક–૧૦ થી સોગંદ પર પુરાવો આપી જણાવેલ છે કે, પંચનામું તેઓ રુબરુ કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી અને પોલીસે પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. તેઓએ આંક–૦૯ થી પંચનામાની નકલરજુ કરેલ છે જેમાં તેઓએ તેમની સહી ઓળખી બતાવેલ છે.

સદર પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય જેથી વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ જાહેર કરવા એવીડન્સ એકટની કલમ – ૧૫૪ મુજબ ઉલટતપાસમાં પુછી તેવા પ્રશ્નો પુછવા પરવાનગી માંગતા સવાલો પુછવા પરવાનગી આપવામાં આવી. પરંતુ તેઓ પોતાની વાતને વળગી રહેલા વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ જાહેર કરવા એવીડન્સ એકટની કલમ –૧૫૪ મુજબ ઉલટતપાસમાં પુછી તેવા પ્રશ્નો પુછવા પરવાનગી માંગતા સવાલો પુછવા પરવાનગી આપવામાં આવી. પરંતુ તેઓ પોતાની વાતને વળગી રહેલા છે અને તેઓએ આરોપી વિરુધ્ધ કોઈ પુરાવો આપેલ નથી.

બચાવ પક્ષની ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલછે કે, પોલીસે ફકત તેમનું નામ અને સરનામું પુછેલ અન્ય કોઇ હકીકત તેઓ જાણતા નથી તેમજ તેઓએ જયારે સહી કરેલ ત્યારે અન્ય કોઇ વ્યકિત હાજર ન હતા.

(૧૦) અંતમા, આ કામના તપાસ કરનાર અમલદાર વિરેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાની આંક–૦૭ ની જુબાનીમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને તા.૨૫/૧૨/૨૫ ના રોજ સદર ગુનાકામની તપાસ સોંપાતા તેઓએ પંચનામું કરેલ અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલ.

બચાવ પક્ષની ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વાળી જગ્યા જાહેર રસ્તો હોય વાહનોની સતત અવર જવર રહે છે.

(૧૧) આમ, ફરીયાદીનાં મૌખીક પુરાવાની ઉપરોકત હકીકત જોતા આ કામનાં ફરીયાદીએ પોતાના મૌખીક પુરાવામાં જણાવ્યા મુજબ તેઓ વાહન ચેકીંગમાં હતા ત્યારે આરોપી પોતાનું માલવાહક વાહન પુરઝડપે અને બેફીકરાઈથી તેમજ રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે હંકારતા હોઈ જેથી તેઓએ હાલની ફરીયાદ આપેલ. તેમજ ફરીયાદીએ તેમની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે બનાવવાળી જગ્યા એ જાહેર રોડ હોય ત્યાં ઘણા વાહનોની અવરજવર રહે છેતેમજ આ કામે કોઈ જ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. સદર ગુના અંગે કોઈ જ નજરે જોનાર સાહેદ કે બનાવ વિશે જાત માહીતી ધરાવનાર સાહેદનો પુરાવો આ કામે રજુ થયેલ નથી. કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. કોઈ જ સ્વતંત્ર સાહેદ પુરાવો આપી શકેલ નથી કે હાલના કામે આરોપીએ પોતાના કબજા વાળું છોટા હાથી પુરઝડપે, બેદરકારીથી અને રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે ચલાવેલ હોય તેવુ રેકર્ડ પર પુરાવાનાં સ્વરૂપે ફલીત થતુ નથી અને વાહનચાલક વાહન કેટલી સ્પીડમા ચલાવે છે તે બાબતે કોઈ આધાર પુરાવો રજુ રાખવામા આવેલ નથી. તે જ રીતે સદર આરોપીએ જ સદર ગુનામાં સંડોવાયેલુ વાહન બેદરકારીપૂર્વક ચલાવી આ ગુનો કરેલ હોવાની હકીકત પુરાવાનાં માધ્યમથી ફલીત થતી જણાતી નથી. તે જ રીતે સ્વતંત્ર પંચોના મૌખિક પુરાવાથી પણ બનાવને સમર્થન મળેલ નથી અને સ્થાનિક જગ્યાના પંચનામાને પણ ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. આ સંજોગોમાં આરોપી વિરૂધ્ધનો પોતાનો હાલનો આ કેસ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતરપણે નીષ્ફળ જતો હોવાનું જણાઈ આવતુ હોય જેથી આ કામનાં આરોપી તેમનાં પર આક્ષેપીત ગુનાનાં કામે નિર્દોષ છુટવા હકકદાર બનતા હોવાનું આ અદાલતનું માનવાનું થતુ હોય જેથી મુદ્દા નંબર-૧ નકારાત્મક ઠરાવી આ કામે ન્યાયનાં વિશાળ હીતમાં મુદ્દા નંબર-૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

***–:: આખરી હુકમ ::–***

૧. **બી.એન.એસ.એસ. કલમ ૨૭૮(૧)** અન્વયે આ કામના આરોપી **મોસીમ અબ્દુલ્લા કુંભાર,** ઉ.વ. પુખ્ત, ધંધોઃ મજુરી, રહેઃભીડગેટ, ભુજ–કચ્છનાઓને બી.એન.એસ. કલમ ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીએ અગાઉ આપેલ જામીનખત તથા જાતમુચરકો અપીલ સમય સુધી **બી.એન.એસ.એસ.ની કલમ :૪૮૧** ની જોગવાઈ મુજબ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા:૦૩ , માહે: જુલાઇ સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા: ૦૩/૦૭/૨૦૨૬
ભુજ–કચ્છ.

(જયોતિ વિરાટભાઇ બુધ્ધ)
બીજા અધિક ચીફ જયુ.મેજી.
ભુજ–કચ્છ.
જી.જે.૦૧૧૭૯

ડી.એન.આચાર્ય